અપીલ અરજી નં.૩૯ તા.૫–૫–૧૦/૧૧

અરજદાર:– શ્રી ફકીરભાઈ છોટુભાઈ ચૌહાણ
સામાવાળા:– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ફકીરભાઈ છોટુભાઈ ચૌહાણની તા.૨૬–૨–૧૦ની અરજીથી (૧) નીચેની બાબતો પર પરવાનગી આપવા તથા શિક્ષાત્મક કાર્યવાહી કરવા કઈ કઈ સક્ષમ સત્તાએ નોંધ, નિયમ કે ઠરાવો ધ્વારા નિર્ણયો કર્યા છે તે તમામની નકલ આપવી. (ક) હોકિંગ ઝોનમાં લારી મુકવાની પરવાનગી. (ખ) કેબિન મુકવાની પરવાનગી. (ગ) નોન હોકિંગ ઝોનમાં જો કોઈ લારી મૂકે તો તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની નીતિ. (ઘ) ઝીરો દબાણ રૂટ પર જો કોઈ લારી મુકે તો તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની નીતિ. વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી પૈકી જપ્ત કરેલ માલસામાન અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૫–૧૦ ની **SMC/FAP/** નં.૩૯/૨૦૧૦–૧૧

શ્રી ફકીરભાઈ છોટુભાઈ ચૌહાણની તા.૨૬–૨–૧૦ની અરજીથી (૧) નીચેની બાબતો પર પરવાનગી આપવા તથા શિક્ષાત્મક કાર્યવાહી કરવા કઈ કઈ સક્ષમ સત્તાએ નોંધ, નિયમ કે ઠરાવો ધ્વારા નિર્ણયો કર્યા છે તે તમામની નકલ આપવી. (ક) હોકિંગ ઝોનમાં લારી મુકવાની પરવાનગી. (ખ) કેબિન મુકવાની પરવાનગી. (ગ) નોન હોકિંગ ઝોનમાં જો કોઈ લારી મૂકે તો તેની સામે શિક્ષાત્મક કાર્યવાહીકરવાની નીતિ. (ઘ) ઝીરો દબાણ રૂટ પર જો કોઈ લારી મુકે તો તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની નીતિ. વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી પૈકી જપ્ત કરેલ માલસામાન અંગેની માહિતી આપવા બાબતે (૧) ઉધનાઝોન તરફથી માહિતી મળી નથી. (૨)કતારગામઝોનમાં તા.૧૮–૪–૧૦ ના રોજ રૂબરૂ મુલાકાત લઈ કઈ કઈ માહિતી જોઈએ છે તે જણાવ્યા છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. (૩)સેન્ટ્રલ ઝોનમાં માગેલી માહિતીનાં રૂા.૭૧૮/– તા.૨૯–૩–૧૦ નાં રોજ ભર્યા હોવા છતાં માહિતી મળી નથી. (૪) રાંદેરઝોન નકલની જરૂરી ફી ૩૫૮/– રૂા. તા.૭–૪–૧૦ ના રોજ ભરેલ છતાં માહિતી મળેલ નથી. વિ. ના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૧ તા.૧૩–૫–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન),ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન),કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) તથા અરજદારનેઅપીલ અરજી માં દસ્તાવેજી ફી ભર્યાના આધાર પત્ર સહ, મુળ અરજીની નકલ તથા અરજી અન્વયે મળેલ પ્રત્યુત્તરની નકલ મોકલવા જણાવવામાં આવેલ. તથા અરજદારે અપીલ અરજીમાં પક્ષકાર જાહેર માહિતી અધિકારી સ્પષ્ટ જણાવેલ નથી પરંતુ ઉધના,સેન્ટ્રલ,રાંદેર, તથા કતારગામઝોનની જ પ્ત કરેલ માલસામાનને લગતી માહિતી મળેલ નથી તેવું જણાવેલ છે. જેથી આપની અપીલ અરજી તેટલા જાહેર માહિતી અધિકારી પૂરતી જ મર્યાદિત છે તેમ માનવાને રહે. તે અંગે પણ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૨૪–૫–૧૦ ના રોજ ના પત્ર સાથે મુળ અરજીની નકલ, પત્ર નં.આરટીઆઈ સેલ/વેસ ટઝોન/૭૪૬ તા.૨–૩–૧૦ થી વેસ્ટઝોન તરફથી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર તમામ ઝોન અને મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક ટાઉન પ્લાનીંગને તબદીલ કર્યાના પત્રની નકલ, ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૯૪ તા.૧૩–૪–૧૦ ના ઈન્સ્પેકશન પત્રની નકલ, સેન્ટ્રલઝોનમાં માહિતી અને દસ્તાવેજ ફી અંગે ભરેલ રૂા.૭૧૮/– ની રસીદ નં.૩૩૧૭૫૪ તા.૨૯–૩–૧૦ ની નકલ, કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં./૧૮૫૨ તા.૨૫–૩–૧૦ ના પત્રથી આપેલ માહિતીની નકલ, રાંદેરઝોન તરફથી માહિતી અને દસ્તાવેજ ફી અંગે ભરેલ રૂા.૩૫૮/– ની રસીદ નં.૩૬૭૬૨૫ તા.૭–૪–૧૦ ની નકલ, વેસ્ટઝોન તરફથી આપેલ માહિતી વેસ ટઝોન/આરટીઆઈ સેલ/૮૩૮ તા.૩૦–૩–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારીઓ તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨૬–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. જે પત્ર નં.આરટીઆઈ સેલ/વેસ્ટઝોન/૭૪૬ તા.૨–૩–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર તમામઝોન જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજકશ્રી મધ્યસ્થ ટાઉન પ્લાનીંને તબદીલ કરવામાં આવેલ. અરજદારની અરજીના મુદ્દા નં.૧

નીચેની બાબતો પર પરવાનગી આપવા તથા શિક્ષાત્મક કાર્યવાહી કરવા કઈ કઈ સક્ષમ સત્તાએ નોંધ, નિયમ કે ઠરાવો ધ્વારા નિર્ણયો કર્યા છે તે તમામની નકલ આપવી. (ક) હોકિંગ ઝોનમાં લારી મુકવાની પરવાનગી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/પ૧૨ તા.૨પ–૩–૧૦ થી આપેલી માહિતી પત્ર નં.ટીપીડી/૩૧ તા.૧૭–૪–૧૦ થી હોકીંગઝોનમાં લારી મુકવાની પરવાનગી આપવા માટે સુરત મહાનગરપાલિકાના ઠરાવના કુલ ૧૨ પાનાની નકલ આપવાની થાય છે જે આપવામાં આવેલ છે. (ખ) કેબિન મુકવાની પરવાનગી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/પ૧૨ તા.૨પ–૩–૧૦ થી આપેલી માહિતી પત્ર નં.ટીપીડી/૩૧ તા.૧૭–૪–૧૦ થી કેબિન મુકવાની પરવાનગી માટે સુરત મહાનગરપાલિકાની સા.સ.ઠ.ની નકલ કુલ પાંચ પાનાની આપવામાં આવેલ છે. (ગ) નોન હોકિંગ ઝોનમાં જો કોઈ લારી મૂકે તો તેની સામે શિક્ષાત્મક કાર્યવાહીકરવાની નીતિ. (ઘ) ઝીરો દબાણ રૂટ પર જો કોઈ લારી મુકે તો તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની નીતિ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી નં.ટીપીડી/આરટીઆઈ/પ૧૨ તા.૨પ–૩–૧૦ થી આપેલી માહિતી પત્ર નં.ટીપીડી/૩૧ તા.૧૭–૪–૧૦ થી નોન હોકીંગઝોન તથા '૦' દબાણ રૂટ પર જો કોઈ લારી મુકે તો તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની નિતિ માટે મહાનગરપાલિકાની સક્ષમ સત્તા ધ્વારા કરવામાં આવેલ હુકમ /ઠરાવ માટે કુલ ચાર પાનાની નકલ આપવામાં આવેલ છે. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૧૮પ તા.૨પ–૩–૧૦ થી મુદ્દા નં.૧ (ક,ખ,ગ,ઘ) હોકીંગઝોનમાં લારી મુકવાની પરવાનગી કે કેબિન મુકવાની પરવાનગી આપવા માટે નિતિ નિયમના ઠરાવની નકલ પાના નંગ–૮ છે. જે માહિતી ફી ભરીને મેળવવા જણાવેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન કક્ષાએથી પત્ર નં.૮૩૮ તા.૩૦–૩–૧૦ થી આ બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.મ્યુ. કમિશ્નર( પીએન્ડડી) ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/પ૧૨ તા.૨પ–૩–૧૦ થી જવાબ આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ હોકીંગઝોન, નોન હોકીંગ ઝોન અને ૯ દબાણ રૂટની યાદી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી નં.ટીપીડી/આરટીઆઈ/પ૧૨ તા.૨પ–૩–૧૦ થી આપેલી માહિતી પત્ર નં.ટીપીડી/૩૧ તા.૧૭–૪–૧૦ થી હોકીંગઝોન નોન હોકીંગઝોન અને '૦' દબાણ રૂટની યાદી કુલ પ૮ પાનાની નકલ આપવામાં આવેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન કક્ષાએથી પત્ર નં.૮૩૮ તા.૩૦–૩–૧૦ થી આ બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.મ્યુ. કમિશ્નર( પીએન્ડડી) ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/પ૧૨ તા.૨પ–૩–૧૦ થી જવાબ આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ લારી ,ગલ્લા, કેબીન, કાપડના તાકા તેમજ અન્ય માલ સામાન મનપાના અધિકારી ધ્વારા જપ્ત કરી પોતાના કબ્જામાં લે તે માટે કાર્યવાહી કરવા કઈ કઈ સ ક્ષમ સત્તાએ નોંધ, નિયમ કે ઠરાવો ધ્વારા નિર્ણયો કર્યા છે તે તમામની નકલ આપવી તેવા પ્રશ્ન બાબતે ડે.કમિશ્નર(પીએન્ડડી)ના પત્ર નં.પ૧૨ તા.૨પ–૩–૧૦ થી તરફથી ઉપરોકત બાબતના મુદ્દા નં.૧ ના પેટા મુદ્દા નં.(ગ) (ઘ) માં જણાવ્યા અનુસાર છે. તેવું જણાવેલ છે. તેમજ નીચેની કાર્યવાહીની માહિતી આપવી. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન કક્ષાએથી પત્ર નં.૮૩૮ તા.૩૦–૩–૧૦ થી આ બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.મ્યુ. કમિશ્નર ( પીએન્ડડી) ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/પ૧૨ તા.૨પ–૩–૧૦ થી જવાબ આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (ક) જપ્ત કરેલ ઉપરોકત માલ સામાનનો પંચ કેસ માલિક રૂબરૂ કરવામાં આવે છે તેની કાર્યવાહીની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી જપ્ત કરેલ માસ સામાનનો કોઈ પંચ કેસ કરવામાં આવેલ હોવાની માહિતી રાંદેરઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. (ખ) જપ્ત કરેલ ઉપરોકત માલ સામાનની માલિકને પહોંચ આપવામાં આવેલ તેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી જપ્ત કરેલ માલ સામાનનો કોઈ પંચ કેસ કરવામાં આવેલ હોવાની માહિતી રાંદેરઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. (ગ) જપ્ત કરેલ કરેલ ઉપરોકત માલ સામાનની નોંધ જે કોઈ રજીસ્ટરમાં થતી હોય તેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી જપ્ત કરેલ માલ સામાનની નોંધ રજીસ્ટરની નકલ રાંદેરઝોન કચેરીએ રૂા.૩૪૮/– ભરપાઈ કર્યેથી મેળવી શકશો તેવું જણાવેલ છે. (ઘ) જપ્ત કરેલ ઉપરોકત માલ સામાન સાચવવાના કેન્દ્રો અને તેના વ્યવસ્થાની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી જપ્ત કરેલ માલ સામાન દબાણ ડેપો નવયુગ કોલ ેજની પાછળ રાધે એપાર્ટની સામે તથા ટીપી ૧૦ (પાલ) ફા.પ્લોટ ૨૦૦ ખાતે સાચવવામાં આવે છે. (ચ) જપ્ત કરેલ ઉપરોકત માલ સામાન શિક્ષાત્મક પગલા લઈ માલિકને પરત કરવામાં આવે તેની પહોંચની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી જપ્ત કરેલ માલ સામાન શિક્ષાત્મક પગાલ લઈ માલિકને પરત કરેલ સામાન અંગે વસુલાત દંડની પહોંચ જે તે સમયે માલિકને આપવામાં આવે છે. (છ) જપ્ત કરેલ ઉપરોકત માલ સામાનમાં ઘટ પડે અથવા નુકશાની થાય તેની જવાબદારી અને કાર્યવાહી તેમજ માલિકને અપાતા વળતરની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી જપ્ત કરેલ માલ સામાનમાં ઘટ પડે અથવા નુકશાન થાય એ બાબતે આજ દિન સુધી કોઈ કિસ્સો બનેલ નથી. (જ) જપ્ત કરેલ ઉપરોકત માલ સામાન જે જપ્ત કરી પરત કરવામાં આવતો નથી તેવા માલ સામાનની હિસાબ રાખવાની તેમજ નિકાલ કરવાની વ્યવસ્થાની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી જપ્ત કરેલ માલ સામાન નો હિસાબ રાખવાની તથા નિકાલ નિયમ મુજબ હરાજીથી નિકાલ કરવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.૧૮પ૨ તા.૨પ–૩–૧૦ થી લારી, ગલ્લા , કેબિન કાપડના તાકા તેમજ અન્ય માલ સામાન સુરત મહાનગરપાલિકાના અધિકારી પોતાના કબ્જામાં લ ે તે માટે કાર્યવાહી કરવા માટે કઈ કઈ સક્ષમ સત્તાએ નોંધ નિયમ કે ઠરાવ કર્યા છે જેની વિગતની નકલ પાના નંગ–પ છે જે માહિતી ફી ભરી માહિતી મેળવવા જણાવેલ છે. મુદ્દા નં.૪ તા.૧–૧–૦૭ થી તા.૩૧–૧૨–૦૯ સુધીની નીચેનાની માહિતી આપવી. (ક) સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાંથી શિક્ષાત્મક પગલા લઈ પરત કરી શકાય તેવા લારી, ગલ્લા, કેબિન , કાપડના તાકા તેમજ અન્ય માલ સામાન કઈ કઈ જગ્યાએથી કેટલા પ્રમાણમાં જપ્ત કરવામાં આવ્યા હતા તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી મુદ્દા નં.૩ (ગ) માં માહિતી

આવી જાય છે. તેવું જણાવેલ છે. (ખ) તેમાંથી ઉપરોકત માલ સામાન કેટલો પરત કરવામાં આવ્યો તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી જપ્ત કરેલ માસ સામાનની નોંધ રજીસ્ટરના તા.૧-૧-૦૭ થી તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલો માલ સામાન પરત કરવામાં આવેલ છે તેની માહિતીની નકલના રૂા.૨/- લેખે ૧૭૪ નકલના રૂા.૩૪૮/- ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. (ગ) તેમાંથી આજની તારીખે ઉપરોકત કેટલો માલ સામાન બાકી છે તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી તેમાંથી આજની તારીખે કેટલો માલ સામાન બાકી છે તેની વિગત ૪ (ખ) મુજબની માહિતીમાંથી ઉપલબ્ધ થઈ શકશે. (ઘ) જો સમય મર્યાદા કે તેનો નિકાલ કરતાં પહેલા ઉપરોકત માલ સામાન છોડાવી જવા માલિકને નોટીસ આપવામાં આવે છે તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી સમય મર્યાદામાં કે તેનો નિકાલ કરતાં પહેલા માલ સામાન છોડાવી જવા માલિકને જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે. (ચ) જો માલિક સમય મર્યાદામાં ઉપરોકત માલ સામાન છોડાવી ન ગયા હોય અને મહાનગરપાલિકાએ તેનો નિકાલ કરી દીધો હોય તેમજ તેમાંથી ઉપજ થઈ હોય તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી જો માલિક સમય મર્યાદામાં ઉપરોકત માલ છોડાવી ન ગયા હોય અને મહાનગરપાલિકાએ તેનો નિકાલ કરી દીધો હોય તેમજ તેમાંથી ઉપજ થઈ હોય તેની વિગતની નકલના રૂા.૨/- લેખે ૩ નકલના રૂા.૬/- ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ લારી, ગલ્લા, કેબિન, કાપડના તાકા તેમજ અન્ય માલ સામાન જપ્ત કરી પરત ન કરવા જેવા શિક્ષાત્મક પગલા અંગે કઈ કઈ સક્ષમ સત્તાએ નોંધ, નિયમ કે ઠરાવો ધ્વારા નિર્ણયો કર્યા છે તે તમામની નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે ડે.કમિશનર(પીએન્ડડી)ના પત્ર નં.૫૧૨ તા.૨૫-૩-૧૦ થી તરફથી ઉપરોકત બાબતના મુદ્દા નં.૧ ના પેટા મુદ્દા નં.(ગ) (ઘ) માં જણાવ્યા અનુસાર છે. તેવું જણાવેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન કક્ષાએથી પત્ર નં.૮૩૮ તા.૩૦-૩-૧૦ થી આ બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.મ્યુ. કમિશનર( પીએન્ડડી) ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૫૧૨ તા.૨૫-૩-૧૦ થી જવાબ આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (ક) તા.૧-૧-૦૭ થી તા.૩૧-૧૨-૦૯ સુધી ઉપરોકત માલ સામાન જપ્ત કર્યો હોય તેની નીચે મુજબની વિગત આપવી. ૧. ઉપરોકત માલ સામાન કઈ કઈ જગ્યાએથી કેટલા પ્ર માણમાં જપ્ત કરવામાં આવ્યો તેની વિગત તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી મુદ્દા નં.૩(ગ) માં માહિતી આવી જાય છે તેવું જણાવેલ છે. ૨. જપ્ત કરાયેલા ઉપરોકત માલ સામાનમાંથી કયારે અને કેટલાનો નિકાલ કરવામાં આવ્યો તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી જપ્ત કરાયેલ ઉપરોકત માલ સામાનમાંથી કયારે અને કેટલાનો નિકાલ કરવામાં આવ્યો તેની વિગતની નકલના રૂા.૨/- લેખે ૨ નકલના રૂા.૪/- ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે તેવું જણાવેલ છે. (૩) તા.૩૧-૧૨-૦૯ ના રોજ ઉપરોકત માલ સામાન કેટલા પ્ર માણમાં નિકાલ કર્યા વગર બાકી રહયો હતો તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી મુદ્દા નં.૪(ગ) માં માહિતી આવી જાય છે તેવું જણાવેલ છે. (૪) જપ્ત કરેલા ઉપરોકત માલ સામાનના નિકાલ માંથી કેટલી ઉપજ થઈ આ ઉપજ મહાનગરપાલિકાના હિસાબના કયા હેડમાં જમા કરવામાં આવી તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી જપ્ત કરેલા ઉપરોકત માલ સમાનના નિકાલમાંથી રૂા.૧,૬૧,૫૬૩ અને ૫૫ પૈસા ઉપજ થઈ આ ઉપર બજેટ હેડ ૪૯/૧૭૫૧ ભંગાર માલ સામાનની ઉપજ ખાતે જમા લેવામાં આવેલ છે. (૫) જપ્ત કરેલા ઉપરોકત માલ સામાનની રજીસ્ટરમાં નોંધ થાય છે તેમજ નિકાલ થયેલા ઉપરોકત માલ સામાનની નોંધ થાય છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી મુદ્દા નં.૩ (ગ) માં માહિતી આવી જાય છે. તેવા રજીસ્ટરની નકલની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગવામાં આવેલ. તેવા પ્રશ્ન બાબતે મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.૧૮૫૨ તા.૨૫-૩-૧૦ થી લારી, ગલ્લા વિગેરે માલ સામાનનું '૦' રૂટ પરથી જપ્ત કરવામાં આવેલ તેવા કિસ્સામાં પરત કરવામાં આવતો નથી જે અંગે નકકી થયેલી નિતિ નિયમની નકલ પાના નંગ-૯ છે જે માહિતી ફી ભરી માહિતી મેળવવા જણાવેલ છે. તેમજ અન્ય જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૮૫૨ તા.૨૫-૩-૧૦ થી મુદ્દા નં.૧,૩ અને ૫ ની માહિતી આપવામાં આવેલ. જે માહિતીના નકલ દીઠ રૂા.૨ /- પ્રમાણે કુલ નકલ ૩૫૯ લેખે રૂા.૭૧૮/- નાગરીક સુવિધાકેન્દ્ર ખાતે મુગલીસરા જમા કરાવ્યા બાદ સેન્ટ્રલઝોનના દબાણખાતામાંથી નકલ મળી શકશે તેવું જણાવેલ. જે અંગે અરજદારે તા.૨૯-૩-૧૦ ના રોજ રસીદ નં.૩૩૧૭૫૪ થી રૂા.૧૮/- ભરપાઈ કરેલ છે જેની નકલ અત્રે રજૂ કરેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૮૩૮ તા.૩૦-૩-૧૦ થી અરજદારને મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૩(ગ) અને ૪(ખ) ની માહિતીના પાના નંગ-૧૭૪ પ્રતિ રૂા.૨/- લેખે રૂા.૩૪૮/- તથા મુદ્દા નં.૪(ચ) પાના નંગ-૩ પ્રતિ રૂા.૨/- લેખે રૂા.૬/- મુદ્દા નં.૫ - ક (૨) પાના નંગ-૨ પ્રતિ રૂા. ૨/- લેખે રૂા.૪/- કુલ મળી એકંદરે રૂા.૩૫૮/- ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ છે. જે અંગે અરજદારે તા.૭-૪-૧૦ ના રોજ રસીદ નં.૩૬૭૬૨૫ થી રૂા.૩૫૮/- ભરપાઈ કરેલ છે. ડે.કમિશનર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આ/આરટીઆઈ/૩૧ તા.૧૭-૪-૧૦ થી મુદ્દા નં.૧ અને ૨ અંગેની માહિતી અરજદારને આપવામાં આવેલ છે. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર ન. સા.ઈ.ઝોન/મહેકમ/૩૩૪ તા.૩-૫-૧૦ થી મુદ્દા નં.૩(ગ) થી માંગ્યા મુજબની નકલ ૨૬૮ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. એન.ઝેડ/આ.નં.૨૯૪ તા.૧૩-૪-૧૦ થી અરજદારને અત્રેના ઝોનને લગતા મુદ્દા અંગે ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડ અનુસાર આપને આપવા જોગ માહિતી પેટે આપવાની થતી નકલોની સંખ્યા વધારે હોય આપને દફતર તપાસણી માટે તા.૧૬-૪-૧૦ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે જમીન મિલ્કત વિભાગ બીજા માળે નોર્થઝોન કતારગામ ગોતાલાવાડી સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે. વધુમાં દફતર તપાસણી સમયે આપને જરૂરીયાત મુજબની નકલ પૂરી પાડવામાં આવશે તેવું જણાવતો પત્ર પાઠવવામાં આવેલ છે.

અરજદાર તરફથી જાહેર માહિતી અધિકારીઓ તરફથી આપેલી માહિતી પૈકી ૧. ઉધનાઝોન તરફથી માહિતી મળી નથી ૨. કતારગામઝોનમાં તા.૧૬/૧૮–૪–૧૦ ના રોજ રૂબરૂ મુલાકાત લઈ કઈ કઈ માહિતી મળવી જોઈએ તે જણાવ્યા છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ૩. સેન્ટ્રલઝોનમાં માંગેલી માહિતીના રૂા. ૭૧૮ તા.૨૯–૩–૧૦ ના રોજ ભર્યા હોવા છતાં માહિતી મળેલ નથી. ૪. રાંદેરઝોન નકલની જરૂરી ફી રૂા.૩૫૮/– તા.૭–૪–૧૦ ના રોજ ભરેલ છે છતાં માહિતી મળેલ નથી. નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૫–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી આરટીઆઈ સેલ/૨૧૧ તા.૧૩–૫–૧૦ થી ઉધના/કતારગામ/રાંદેર/સેન્ટ્રલઝોન/ટાઉન પ્લાનીંગ ખાતાના જાહેર માહિતી અધિકારીઓને તથા અરજદારને પત્ર પાઠવી પૂરક વિગતો માંગવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૨૪–૫–૧૦ ના રોજ પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી તા.૨૯–૩–૧૦ ના રોજ નાણા ભરાઈ ગયા છે છતાં માહિતી મળી નથી જે અંગે પુરાવા તરીકે સેન્ટ્રલઝોનની તા.૨૯–૩–૧૦ ની રૂા.૭૧૮/– ની રસીદ નં.૩૩૧૭૫૪ રજૂ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી દસ્તાવેજ નકલો આપ્યા અંગેની કોઈ વિગતો રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ પણ પ્રકારની માહિતી કે પત્ર વ્યવહાર કરવામાં આવેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી કોઈ માહિતી આપેલ જણાતી નથી. જયારે જાહેર માહિતી અધિકારી કતારગામઝોનમાંથી તા.૧૬–૪–૧૦ ના રોજ રૂબરૂ મળ્યા બાદ માંગેલી વિગતોની નકલો મેળવવા અંગે જાણ કરવા અને નાણા ભરવા માટે પત્ર લખવાનું જણાવેલ. પરંતુ આજ દિન સુધી કોઈ કાર્યવાહી થઈ નથી તેવું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી તે અંગેની કોઈ પૂરક વિગતો અપીલ તબકકે પૂરી પડાયેલ જણાતી નથી. તેમજ જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનમાં તા.૩૦–૩–૧૦ ના રોજ નાણા ભરવા છતાં તા.૧–૧–૦૭ થી તા.૧૨–૪–૦૭ અને તા.૧–૪–૦૯ થી તા.૩૧–૧૨–૦૯ ની માહિતી આપવામાં આવેલ નથી જે અંગે પુરાવા તરીકે રાંદેરઝોનમાં તા.૭–૪–૧૦ ના રોજ ભરપાઈ કરેલ રૂા.૩૫૮/– રસીદ નં.૩૬૭૬૨૫ રજૂ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી દસ્તાવેજની વિગત પૂરી પાડયા અંગે પૂરક વિગતોમાં અત્રે પૂરી પાડેલ નથી. તથા અપીલ તબકકે અરજદારે સદર ઝોનના જાહેર માહિતી અધિકારીઓએ માંગેલ માહિતી માટે કાયદેસરની કાર્યવાહી કરવા અને બેદરકારી અને અવગણના બદલ શિક્ષાત્મક કાર્યવાહી કરવા અનુરોધ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપરોકત મુજબ જણાવ્યા અનુસાર જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા રાંદેરઝોન તરફથી જણાવ્યા અનુસારની દસ્તાવેજ અને માહિતી અંગેની ફી ભરપાઈ કરવા છતાં નહીં પૂરી પડાયેલ માહિતી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા એડી. સીટી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન અને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

જયારે કતારગામઝોનમાં અરજદારના તા.૧૬–૪–૧૦ ના ઈન્સ્પેકશન દરમ્યાન માંગેલી વિગતોની નકલો મેળવવા અંગે જાણ કરવા અને નાણા ભરવા જણાવેલ જે અંગે કાર્યવાહી કરી અરજદારને નહીં પૂરી પડાયેલી માહિતી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે. તથા ઉધનાઝોન તરફથી અરજદારને ઝોનને સ્પર્શતી નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન),ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન ),ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ).....જાણ તથા અમલ માટે

(૨) શ્રી ફકીરભાઈ છોટુભાઈ ચૌહાણ,